# બ્લડપ્રેશર-હાર્ટની નકલી દવા ભરૂચની ફેક્ટરીમાં બનતી હતી

**આ** દવા ભરૂચની JB કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા બેચ નંબર ACG25007 હેઠળ તૈયાર થઈ



ભરૂચ: ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA) એ શનિવારે રાજ્યમાં નકલી હાઈપરટેન્શન (બ્લડપ્રેશર)ની દવાની સામે મોટી કાર્યવાહી કરી છે. ગુપ્ત માહિતીના આધારે તપાસ હાથ ધરતાં 1,250 ગોળી જપ્ત કરવામાં આવી છે, જ્યારે અન્ય 1.70 લાખ રૂપિયાની શંકાસ્પદ દવાઓના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરિયાના કાર્યાલય દ્વારા એક નિવેદનમાં મત વ્યક્ત કર્યો હતો કે, FDCAને વિશ્વસનીય સૂત્ર પાસેથી જાણવા મળ્યું હતું કે ભરૂચમાં 'NICARDIA RETARD 10' ટેબ્લેટની ડુપ્લિકેટ દવા બનાવવામાં આવી રહી છે, જે અમદાવાદમાં વેચાઈ રહી છે. આ દવા ભરૂચની JB કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા બેચ નંબર ACG25007 હેઠળ તૈયાર થઈ હોવાનું કહેવાતું હતું અને અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલી લીલાવતી ફાર્મસી એન્ડ વેલનેસ પ્રા. લિમિટેડ ખાતે તેનું વેચાણ થઈ રહ્યું હતું.

તા-19થી 21 ઓગસ્ટ દરમિયાન FDCAની ટીમે 30થી વધુ કંપનીઓ અને મેડિકલ સ્ટોર્સનું નિરીક્ષણ કર્યું હતું. આ કાર્યવાહી હજુ પણ ચાલુ છે. તપાસ દરમિયાન નડિયાદ (ખેડા)ના કિશન મેડિકલ સ્ટોરમાંથી JB કેમિકલના નામે લિસ્ટેડ NICARDIA RETARD 10 ટેબ્લેટ્સ (બેચ નં. ACG25007) મળી આવી હતી. આમાંથી કુલ 660 ગોળી પરીક્ષણ માટે મોકલવામાં આવી હતી. તપાસ દરમિયાન ભાવનગરમાં આવેલા રોટરી ટીમ્બી મેડિકલ સ્ટોર્સમાં પણ આ જ દવાની 590 ગોળી મળી આવી હતી. આ દવા પાર્શ્વ મેડિકલ એજન્સી, પાલડી (અમદાવાદ) દ્વારા એપેક્સ ફાર્મા એજન્સીને સપ્લાય કરવામાં આવી હતી, જે ત્યાંથી ભાવનગર પહોંચી હતી. FDCAએ આ તમામ સ્ટોક પણ જપ્ત કરી લીધો હતો.

# ચલથાણ નહેરમાં બે મિત્ર બાઈક સાથે ખાબક્યા, એકનું મોત

**નહેરમાંથી** લાઈટ દેખાતા રાહદારીએ પોલીસને જાણ કરતાં ઘટના સામે આવી
યુવાન પુત્રના મોતથી વાંકેનાડમાં શોકનો માહોલ, બીજા યુવકની શોધખોળ

પલસાણા: પલસાણાના સાંકી ગામ નજીક આવેલી પેસિફિક કૉલેજ પાસે શનિવારે રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વાંકાનેડા ગામના બે આશાસ્પદ યુવાનો તેમની મોટરસાઈકલ સાથે ચલથાણ નહેરમાં પડતા સમ ગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ દુર્ઘટનામાં ફાયર બ્રિગેડની ટીમને એક યુવાનનો મૃતદેહ શોધી કાઢવામાં સફળતા મળી છે, જ્યારે બીજા યુવાનની શોધખોળ હજુ પણ ચાલી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પલસાણાના વાંકાનેડા ગામે રહેતા ૨૦ વર્ષીય શુભમ સુધાકર ગાયકવાડ અને તેનો ૨૦ વર્ષીય મિત્ર દીપક પ્રેસમસિંગ રાજપૂત શનિવારે રાત્રિના સમયે તેમની હીરો મોટરસાઈકલ (નં. GJ 19 AG 7752) લઈને નીકળ્યા હતા. તેઓ ચલથાણ ખાતે આવેલી ઈલેક્ટ્રિકની દુકાનેથી જઈ રહ્યા હતા ત્યારે સાંકી ગામ પાસે પેસિફિક કૉલેજ નજીક અચાનક મોટરસાઈકલ પરથી કાબૂ ગુમાવતા બંને મિત્ર બાઈક સાથે સીધા ઊંડી નહેરમાં ખાબક્યા હતા. શનિવારે રાત્રે આશરે ૯:૩૦ વાગ્યાના સુમારે નહેર પરથી પસાર થઈ રહેલા નિલેશભાઈ મોરી નામના જાગૃત નાગરિકની નજર નહેરમાંથી આવતા પ્રકાશ પર પડી હતી. તેમણે ધ્યા નથી જોતા નહેરમાં ગરકાવ થયેલી મોટરસાઈકલની લાઈટ ચાલુ હોવાનું જણાયું હતું. આથી તેમણે તાત્કાલિક પલસાણા પોલીસ અને ફાયર વિભાગને જાણ કરી હતી.

ઘટના ની ગંભીરતાને જોતા કડોદરા PEPL ફાયર અને બારડોલી ફાયરની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી. રાત્રિના સમયે ભા રે જ હેમત બાદ નહેરમાંથી મોટરસાઈકલ બહાર કાઢવામાં આવી હતી, પરંતુ યુવાનોનો કોઈ પત્તો ન લાગતા આખરે તંત્ર દ્વારા નહેરનું પાણી બંધ કરાવવામાં આવ્યું હતું. રવિવારે સવારે બંને ફાયર ટીમોએ ફરીથી સઘન સર્ચ ઓપરેશન શરૂ કરતાં નહેરમાંથી ૨૦ વર્ષીય શુભમ સુધાકર ગાયકવાડનો મૃતદેહ મળી આવ્યો હતો. હાલમાં ફાયર વિભાગ દ્વારા ૨૦ વર્ષીય દીપક પ્રેસમસિંગ રાજપૂતની શોધખોળ યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

યુવાન પુત્રના મોતના સમાચારથી વાંકાનેડા ગામમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# દ. ગુ.ની ૭ કોલેજમાં MBBSની ૧,૩૦૦ બેઠક માટે પ્રવેશની તક

**MMBS-BDS** પ્રવેશનો પ્રથમ રાઉન્ડ શરૂ: ૨૭ ઓગસ્ટ સુધી ઓનલાઈન ચોઈસ ફિલિંગ

**રાજ્યભરમાં** MMBSની ૭,૫૦૦ બેઠક માટે ઉમેદવારો પસંદગી નોંધાવશે

### ગુજરાતમાં કોલેજના પ્રકાર મુજબ MBBS બેઠકો

| કોલેજનો પ્રકાર | કુલ બેઠકો |
|---|---|
| સરકારી મેડિકલ કોલેજો | ૧,૪૫૦ |
| GMERS મેડિકલ કોલેજો | ૨,૧૦૦ |
| મ્યુનિસિપલ મેડિકલ કોલેજો | ૫૦૦ |
| સ્વનિર્ભર મેડિકલ કોલેજો | ૩,૪૫૦ |
| **કુલ** | **૭,૫૦૦** |

### દક્ષિણ ગુજરાતની ૭ કોલેજમાં ૧,૩૦૦ એમબીબીએસ બેઠકો

| કોલેજનું નામ | કોલેજનો પ્રકાર | કુલ બેઠકો |
|---|---|---|
| ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, સુરત | સરકારી | ૨૫૦ |
| સ્મીમેર, સુરત | મ્યુનિસિપલ | ૨૫૦ |
| કિરણ મેડિકલ કોલેજ | સ્વનિર્ભર | ૨૦૦ |
| જીએમઇઆરએસ, વલસાડ | GMERS | ૨૦૦ |
| જીએમઇઆરએસ, નવસારી | GMERS | ૧૦૦ |
| જીએમઇઆરએસ, રાજપીપળા | GMERS | ૧૦૦ |
| ડૉ. કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ, ભરૂચ | સ્વનિર્ભર | ૨૦૦ |
| **કુલ** | | **૧૩૦૦** |

સુરતઃ ગુજરાતમાં મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયાનો મહત્ત્વનો તબક્કો શરૂ થઈ રહ્યો છે. રાજ્યની સરકારી, જીએમઈઆરએસ, મ્યુનિસિપલ તેમજ સ્વનિર્ભર મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે એમબીબીએસ અને બીડીએસ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડનું ઓનલાઈન ચોઈસ ફિલિંગ સોમવાર, ૨૪ ઓગસ્ટથી શરૂ થશે.

ગુજરાત સરકારની એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ મેરિટ લિસ્ટમાં સ્થાન પામેલા પાત્ર ઉમેદવારો ૨૪ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બપોરે ૧ વાગ્યા સુધી ઓનલાઈન ચોઈસ ભરી શકશે. રાજ્યમાં એમબીબીએસની કુલ ૭,૫૦૦ બેઠકો માટે પ્રથમ રાઉન્ડમાં બેઠકોની ફાળવણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આ પ્રવેશ પ્રક્રિયા મહત્વપૂર્ણ બની રહેશે. સુરત, વલસાડ, નવસારી, રાજપીપળા અને ભરૂચ ખાતે આવેલી કુલ ૭ મેડિકલ કોલેજમાં એમબીબીએસની ૧,૩૦૦ બેઠકો ઉપલબ્ધ હોવાથી સ્થાનિક વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં મેડિકલ અભ્યાસ માટે વિવિધ વિકલ્પો મળશે. ઉમેદવારોએ ચોઈસ ફિલિંગ દરમિયાન કોલેજ અને અભ્યાસક્રમની પસંદગી ખૂબ જ કાળજીપૂર્વક કરવાની રહેશે. ઉમેદવારો ૨૭ ઓગસ્ટના રોજ સાંજે ૪ વાગ્યા સુધી પોતે ભરેલી ચોઈસ ઓનલાઈન જોઈ શકશે. ત્યારબાદ મેરિટ અને ઉમેદવારો દ્વારા નોંધાવવામાં આવેલી પસંદગીના આધારે પ્રથમ રાઉન્ડની બેઠક ફાળવણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રવેશ સમિતિએ ઉમેદવારોને સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલાં ઓનલાઈન ચોઈસ ફિલિંગની પ્રક્રિયા પૂરી કરવા અને કોલેજોની પસંદગી કરતી વખતે ઉપલબ્ધ બેઠકો, કોલેજનો પ્રકાર તેમજ પોતાની પસંદગીનો યોગ્ય ક્રમ ધ્યાનમાં રાખવા સૂચના આપી છે. પ્રવેશ પ્રક્રિયા, કોલેજવાઈઝ બેઠક અને અન્ય સૂચનાઓની વિગત સમિતિની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

# ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ બેનાં મોત, મૃત્યુઆંક ૧૩ પર પહોંચ્યો

**હજુ** પણ ચારથી વધુ દર્દીઓ સારવાર હેઠળ

### ૬૭ લોકોએ ઝેરી દારૂ પીધો હોવાની માહિતી

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કુલ ૬૭ લોકોએ મિથેનોલ ભેળવાયેલો ઝેરી દારૂ પીધો હતો. તેમાંથી કેટલાકને વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ ૨૮ લોકોને રજા આપવામાં આવી હતી, જ્યારે દારૂ પીનારા અન્ય ૨૪ લોકોને શોધી કાઢી તેમની તબીબી તપાસ કરવામાં આવી હતી અને તેઓ સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું હતું. લઠ્ઠાકાંડની ઘટનામાં એક તરફ વધુ બે દર્દીઓનાં મોત થતાં મૃતકઆંક ૧૩ પર પહોંચ્યો છે, ત્યારે બીજી તરફ હજુ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સ્થિતિને લઈ તંત્રની ચિંતા યથાવત્ છે. ઘટનાને પગલે નકલી દારૂના સ્ત્રોત અને તેમાં મિથેનોલ કેવી રીતે પહોંચ્યું તે સહિતના મુદ્દે તપાસ ચાલી રહી છે.

### અત્યાર સુધી લઠ્ઠાકાંડમાં મોતને ભેટેલા ૧૩ કમનસીબ લોકોની યાદી

ભાવનગર લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં કાર્તિક મકવાણા, ઉપેન્દ્રસિંહ ગોહિલ, નરેન્દ્રસિંહ યાદવ, કનકસિંહ ગોહિલ, ઘનશ્યામસિંહ જાડેજા, જયેશ ભટ્ટી, અવિનાશ પરમાર, સુધીર રાવલ, સંજયસિંહ ડોડિયા, હાર્દિક કિલજી, મુકેશ ડામોર, ભાર્ગવ ઉપાધ્યાય અને હિતેશ પરમાર સહિત ૧૩ લોકોનાં મોત થયાં છે.

ગાંધીનગર : ભાવનગર જિલ્લાના ખારકડી ગામમાં નકલી દારૂના સેવનથી સર્જાયેલા લઠ્ઠાકાંડમાં મૃત્યુનો સીલસીલો અટકતો નથી. સારવાર હેઠળ રહેલા બે વધુ દર્દીઓનાં મોત થતાં લઠ્ઠાકાંડનો સત્તાવાર મૃતકઆંક ૧૩ પર પહોંચી ગયો છે. કાળિયાબીડના સાગવાડી વિસ્તારમાં રહેતા ભાર્ગવ ઉપાધ્યાયનું આજે સવારે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે મૂળ મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બુગડ ગામના અને ભાવનગરમાં નોકરી કરતા મુકેશ ડામોરે પણ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. બીજી તરફ, ઝેરી દારૂની અસરગ્રસ્ત ચારથી વધુ દર્દીઓ હજુ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, ૧૮ ઓગસ્ટે મુકેશ ડામોરે મિત્રો સાથે દારૂનું સેવન કર્યું હતું.

ત્યારબાદ તેની તબિયત લથડતાં તેને પ્રથમ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. સ્થિતિ ગંભીર બનતાં તેને વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મુકેશ ભાવનગરમાં હિટાચી મશીન કંપનીમાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરતો હતો. તે પરિણીત હતો અને તેને છ વર્ષનો પુત્ર તથા બે વર્ષની પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

બીજી તરફ, કાળિયાબીડના સાગવાડી વિસ્તારમાં રહેતા ભાર્ગવ ઉપાધ્યાયની પણ ઝેરી દારૂના સેવન બાદ તબિયત લથડી હતી. છેલ્લા કેટલાક સમયથી તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. જોકે, આજે સવારે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ખારકડી ગામમાં કેટલાક લોકોએ જાણીતી બ્રાન્ડની નકલી બોટલમાંથી દારૂ પીધા બાદ તબિયત લથડવાની શરૂઆત થઈ હતી. તપાસમાં દારૂમાં મિથેનોલ ભેળવવામાં આવ્યું હોવાની વિગતો સામે આવી હતી. આ અત્યંત ઝેરી પદાર્થના સેવનથી અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા.

# 10 વર્ષ પહેલા NRIને લૂંટી લેનાર હોમગાર્ડ ઝડપાયો

**NRIની** સ્વીફ્ટ કારમાં બે મહિલા ખેતરાડીમાં ગઇ હતી

**ત્યાં** આરોપીએ પોલીસની ધમકી આપી ફોન લૂંટી લીધો હતો

સુરતઃ ૧૦ વર્ષ પહેલા એનઆરઆઈને હનીટ્રેપમાં ફસાવી લૂંટી લેવાના કેસમાં ફરાર હોમગાર્ડને જલગાંવમાંથી ઝડપી લેવાયો છે. ૨૦૧૬માં બારડોલી ખાતે એનઆરઆઈને હનીટ્રેપમાં ફસાવી લૂંટી લેવાના ગુનામાં સંડોવાયેલો આરોપી પ્રવીણ રમેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૬, રહે. વીસાપુર, તા. ચાલીસગામ, જિ. જલગાંવ, મહારાષ્ટ્ર) વતનમાં ખેતીકામ કરી રહ્યો છે જેના આધારે તેને ઝડપી લેવાયો છે. વર્ષ ૨૦૧૬માં તે અને તેનો મિત્ર ભાઉસાહેબ સાથે પલસાણા પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ ત્યારે અન્ય સાગરીતો અને બે મહિલા આરોપીઓ સાથે મળીને એક એનઆરઆઈને લૂંટવાનું ગુનાહિત કાવતરું ઘડ્યું હતું. આ ગેંગની મહિલાઓએ એનઆરઆઈને ફોનથી સંપર્ક કર્યો હતો અને વાતોમાં લઈ મળવા બોલાવ્યો હતો. તેને મળવા માટે બોલાવી સ્વિફ્ટ કારમાં બેસી બારડોલી-મહૂવા રોડ પર ખેતરાડીમાં લઈ ગયા હતા. ત્યાં મહિલાઓએ બળજબરીથી આલિંગન આપતા જ, પૂર્વ હોમગાર્ડ પ્રવીણ અને તેના સાગરીતોએ 'પોલીસ' તરીકેની ખોટી ઓળખ આપીને ધસી આવ્યા હતા. તેઓએ કેસ કરવાની તથા અખબારોમાં નામ છાપવાની ધમકી આપી રૂ. ૫ લાખની માંગણી કરી હતી. એનઆરઆઈ રાજી ન થતાં તેમને ઢોર માર મારી રૂ. ૫,૦૦૦ રોકડા તથા ફોન લૂંટી લીધો હતો. બાદમાં બેંક તરફ લઈ જતી વખતે એનઆરઆઈએ બૂમાબૂમ કરી સ્ટીયરીંગ ફેરવી દેતા ગાડી ડિવાઈડર સાથે અથડાઈ હતી અને ટાયર ફાટી જતાં તમામ આરોપીઓ ભાગી છૂટ્યા હતા.

# નર્મદ યુનિવર્સિટીમાં ૩૭,૩૦૫ વિદ્યાર્થીને પદવી એનાયત કરાશે

**૧૭૧ને** સુવર્ણચંદ્રક અને પારિતોષિક મળશે, ૯૦ સંશોધકોને પીએચ.ડી.ની પદવી એનાયત થશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯મા પદવીદાન સમારોહમાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રની સિદ્ધિઓનું સન્માન કરવામાં આવશે. આવતીકાલે તા.૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાનારા સમારોહમાં કુલ ૯૦ સંશોધકને ડોક્ટર ઓફ ફિલોસોફી (પી.એચ.ડી.)ની પદવી એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત ત્રણ સંશોધકને માસ્ટર ઓફ ફિલોસોફી (એમ.ફિલ.)ની પદવી મળીને કુલ ૯૩ સંશોધકને સંશોધન ક્ષેત્રની પદવી પ્રદાન કરવામાં આવશે.

વીર કવિ નર્મદ જયંતી અને વિશ્વ ગુજરાતી ભાષાના દિવસે યોજાનારા આ પદવીદાન સમારોહની વિશેષતા એ છે કે તેમાં યુનિવર્સિટીની ૧૨ વિદ્યાશાખાઓના કુલ ૩૭,૩૦૫ વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવશે. સાથે જ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ૧૭૧ વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક અને પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને અડાજણ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે સમારોહ યોજાશે. પદવી મેળવનારા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ સંખ્યા કોમર્સ વિદ્યાશાખાની છે. કોમર્સના ૧૦,૩૨૮ અને આર્ટ્સ વિદ્યાશાખાના ૯,૯૦૮ વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવશે. ત્યારબાદ કમ્પ્યુટર સાયન્સના ૭,૭૧૫, સાયન્સના ૪,૪૭૨ અને મેડિસિનના ૨,૦૦૨ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કાયદા વિદ્યાશાખાના ૧,૨૬૨, એજ્યુકેશનના ૧,૧૫૬, રૂરલ સ્ટડીઝના ૨૪૦, મેનેજમેન્ટના ૧૪૫, હોમિયોપથિકના ૪૨, આર્કિટેક્ચરના ૩૪ તેમજ ટેકનોલોજી અને એન્જિનિયરિંગ વિદ્યાશાખાના એક વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવશે. નર્મદ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં એક તરફ હજારો વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણની પદવી સાથે કારકિર્દીના નવા તબક્કામાં પ્રવેશ કરશે, ત્યારે બીજી તરફ ૯૦ સંશોધકોને પી.એચ.ડી.ની પદવી એનાયત થતાં દક્ષિણ ગુજરાતના ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે પણ નવી ઉપલબ્ધિ ઉમેરાશે.

# ઓનલાઈન એસી રિપેરિંગ માટે બોલાવવું વેસુના વેપારીને પડ્યું મોંઘું

**એસી** ટેકનિશિયને ૭૫ ઈંચના ટીવીમાં મોટું નુકસાન કર્યું, રોકડા 50 હજાર પણ ગાયબ

સુરતઃ ઓનલાઈન સર્ચ કરીને હોમ સર્વિસ બોલાવતા પહેલાં સો વાર વિચારજો! વેસુમાં એસી રિપેરિંગના બહાને ઘરમાં ઘૂસેલા ગઠિયાએ પરિવારને મોટો ચૂનો ચોપડ્યો હોવાની ઘટના સામે આવી છે. ટેકનિશિયને હોલમાં રાખેલા ૭૫ ઈંચના મોંઘાદાટ ટીવીની ડિસ્પ્લે પર ધારદાર વસ્તુથી સ્ક્રેચ પાડી રૂ.૭૦ હજારનું નુકસાન પહોંચાડ્યું હતું અને ટેબલ પર મૂકેલી બેગમાંથી રૂ. ૫૦,૦૦૦ ની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે વેસુ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

મળતી વિગતો મુજબ, વેસુ ખાતે એસ.ડી. જૈન કોલેજ સામે આવેલી બનવારી રેસિડેન્સીમાં રહેતા અને કાપડના વેપાર સાથે સંકળાયેલા અનિલભાઈ જયનારાયણ ભટ્ટડે ગત ૧૯ ઓગસ્ટના રોજ ઘરમાં જૂનું એસી સરખી રીતે ફિટ કરાવવા માટે ગૂગલ પર સર્ચ કર્યું હતું. ગૂગલ પરથી મળેલા નંબર પર સંપર્ક કરતાં 'ક્રિષ્ના એસ.સી. સર્વિસ' નામના સર્વિસ પ્રોવાઈડરે રૂ.૧,૭૦૦માં કામ નક્કી કરી બે કારીગરને તેમના ઘરે મોકલ્યા હતા. ઘરે આવેલા બે પૈકી એક ઈસમે એસીમાં ગેસ પૂરવાના અને અન્ય વધારાના ખર્ચ બતાવી વધુ નાણાંની માંગણી કરી હતી. વેપારીએ વધારાનો ચાર્જ આપવાની ના પાડતા તેની સાથે બોલાચાલી પણ થઈ હતી. સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં એસીનું કામ પતાવી બંને કારીગર નીકળી ગયા હતા.

કારીગરો ગયા બાદ વેપારી કરિયાણું લેવા બહાર ગયા ત્યારે તેમના પુત્ર ક્રિષ્નાએ ફોન કરીને ટીવી પર મોટા લાઈનિંગ સ્ક્રેચ હોવાની જાણ કરી હતી. વેપારીએ ઘરે આવીને જોતાં સોની કંપનીના ૭૫ ઈંચના ટીવીની ડિસ્પ્લે ધારદાર શસ્ત્રથી સ્ક્રેચ કરીને રૂ.૭૦,૦૦૦નું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. શંકા જતાં ટીવી નજીકના ટેબલ પર મૂકેલી બેગ તપાસતા તેમાંથી મુકેલા રૂ.૫૦,૦૦૦ રોકડા ગાયબ હતા. આ બનાવની પોલીસે તપાસ શરૂ કરી છે.

# સલૂન સંચાલક પતિએ રૂપિયા ૪૦ લાખ પચાવી પાડી પત્નીને કાઢી મૂકી

**અન્ય** સ્ત્રી સાથેના અફેરનો વિરોધ કરતા તલાક આપવાની ધમકી આપી

સુરતઃ પિયરપક્ષ પાસેથી રૂ. ૪૦ લાખ મેળવ્યા બાદ પણ દહેજની ભૂખી સાસરીના ત્રાસથી કંટાળેલી મહિલાએ પોતાના પતિ, સાસુ-સસરા, જેઠ અને દિયર સામે ગંભીર આરોપો સાથે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રાંદેર ગોરાટ રોડ પર આવેલા ગેલેક્સી હાઈટ્સમાં રહેતી અને સલૂન ચલાવતી ફરહા (ઉ.વ.૩૦)ના લગ્ન ૨૦૧૯માં ખ્વાજા દાના દરગાહ ખાતે ફહીમ સિરાજુદ્દીન અહેમદ સાથે થયા હતા. લગ્નના બે જ દિવસમાં પતિ, સાસુ-સસરા, જેઠ અને દિયરે !તારા પિયરિયાં ભિખારી જેવા છે, દહેજમાં સોના-ચાંદી કંઈ લાવ્યા નથી' તેમ કહી મ્હેણાં-ટોણા મારવાના શરૂ કર્યા હતા. લગ્ન વખતે ચઢાવેલા દાગીના પણ પતિએ કામના બહાને પચાવી પાડ્યા હતા. પ્રેગ્નન્સી દરમિયાન 'છોકરો જ જોઈએ, જો છોકરી આવશે તો ઘરમાંથી કાઢી મૂકીશું' તેવી ધમકી આપીને ફરહા પાસે સલૂનમાં રાતના બે વાગ્યા સુધી મજૂરી કરાવવામાં આવતી હતી. આટલું ઓછું હોય તેમ પતિને અન્ય સ્ત્રી સાથે અફેર હોવાની જાણ થતાં ફરહાએ વિરોધ કર્યો તો 'હું મર્દ છું, ચાર રાખી શકું, રોકટોક કરીશ તો તલાક આપી દઈશ' તેમ કહી ઢોર માર મારવામાં આવ્યો હતો. ફરહાની વિધવા માતા પાસેથી રોકડા તથા બેંક એકાઉન્ટમાંથી મળીને રૂ. ૪૦ લાખ પડાવી લીધા હતા. આ ઘટનાની ફરિયાદ થતાં મહિલા પોલીસે પતિ ફહીમ, સસરા સિરાજુદ્દીન, સાસુ અસીમાબાનું, જેઠ અલીમ અને દિયર સુલતાન સામે દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આગામી 6 મહિનામાં 3 ,000 કરોડથી વધુનો બિઝનેસ થવાની સંભાવના

**ચેમ્બરના** 'યાર્ન એક્સ્પો-2026માં ત્રણ દિવસમાં દેશના 100થી વધુ શહેરોમાંથી વિવર્સ, ટ્રેડર્સ અને ગાર્મેન્ટ ઉત્પાદકો મળી કુલ 25,800 બાયર્સે મુલાકાત લીધી

**સુરતમાં** પહેલી વાર પ્રદર્શિત થયા ભારતમાં તાજેતરમાં લોન્ચ થયેલા અદ્યતન સસ્ટેનેબલ યાર્ન

**ટેન્સેલ,** ગ્રાસ-બેઝ્ડ અને રિસાયકલ્ડ યાર્ન બન્યા આકર્ષણનું કેન્દ્ર

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) તથા ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર (GFRRC)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિ-દિવસીય 'યાર્ન એક્સ્પો-2026' ને જોરદાર પ્રતિસાદ મળ્યો છે.

ચેમ્બરના પ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસ દરમિયાન બાંગ્લાદેશ અને ગિની ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોના 100થી વધુ શહેરોમાંથી કુલ 25,800 વિવર્સ, ટ્રેડર્સ, રિટેલર્સ અને ગાર્મેન્ટ ઉત્પાદકોએ મુલાકાત લેતાં એક્ઝિબિટર્સને જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો હતો.

પ્રથમ દિવસે 5,500, બીજા દિવસે 9,500 અને રવિવારે અંતિમ દિવસે 10,800 મળીને કુલ 25,800 બાયર્સ-વિઝિટર્સે એક્સ્પો નિહાળ્યો હતો. રાજ્ય બહારથી આવેલા બાયર્સે એક્ઝિબિટર્સને મોટા પાયે ઓર્ડર્સ આપ્યા હતા, જેના પરિણામે આગામી 6 મહિનામાં અંદાજે 3,000 કરોડથી વધુનો બિઝનેસ જનરેટ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

અશોક જીરાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં તાજેતરમાં લોન્ચ થયેલા સસ્ટેનેબલ યાર્ન સુરતમાં પ્રથમ વાર રજૂ થયા હતા. આ એક્ઝિબિશનમાં સસ્ટેનેબલ (પર્યાવરણ-અનુકૂળ) યાર્નની વિશાળ શ્રેણી રજૂ કરવામાં આવી હતી. જેમાંની ઘણી વેરાઇટી ભારતમાં હજી તાજેતરમાં જ લોન્ચ થઈ છે અને સુરતમાં તે પહેલી વાર પ્રદર્શિત થઈ હતી.

જેમ કે દેખાવમાં કોટન જેવું પણ અનુભૂતિમાં અત્યંત મુલાયમ અને ડેનિમમાં સૌથી વધુ વપરાતું 'ટેન્સેલ' મુખ્ય આકર્ષણ રહ્યું હતું. આ ઉપરાંત જેન-ઝી (Gen-Z)ની ચોઇસ મુજબનું ફાસ્ટ ફેશન ફેબ્રિક યાર્ન, લાકડાં (Wood)ને બદલે ગ્રાસ (ઘાસ)માંથી બનતું સસ્ટેનેબલ યાર્ન તેમજ જૂનાં કપડાંમાંથી રી-પ્રોસેસ કરીને તૈયાર કરાયેલું રિસાયકલ્ડ યાર્ન ભારે ચર્ચામાં રહ્યું હતું.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ખાદ્ય તેલના ડબ્બા...

ખરીદીના નિર્ણયો લઈ શકે. ઉપરાંત, જો પેકેજ પર માત્રા લીટર અથવા મિલીલીટરમાં દર્શાવવામાં આવી હોય તો તેનું સમકક્ષ વજન પણ ફરજિયાત દર્શાવવું પડશે.

દર્શન નાયકે આ નિર્ણયને ગ્રાહકોના હિતમાં મહત્વપૂર્ણ ગણાવતા જણાવ્યું છે કે તેમની રજૂઆતમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે પારદર્શિતા અને ગ્રાહક હિતને પ્રાધાન્ય આપતું પગલું ભર્યું છે. તેમણે કેન્દ્ર સરકારના તાજેતરના નિર્ણયનું સ્વાગત કરતાં જણાવ્યું છે કે ગ્રાહકોને યોગ્ય ભાવ, પારદર્શક પેકેજિંગ અને ન્યાયી બજાર વ્યવસ્થા મળે તે માટે હજુ પણ અસરકારક અમલીકરણ અને સતત દેખરેખ જરૂરી છે.

### માછીવાડની ફિશ...

કે આ નામ જાહેર પ્રચલનમાં આવી ગયું છે.

મળતી માહિતી મુજબ, કેટલાક લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી શાકાહારી હોવા છતાં તેમના નામે ફિશ માર્કેટનું નામકરણ કેમ કરવામાં આવ્યું તે અંગે પણ વાંધો ઉઠાવ્યો છે. જોકે, સમગ્ર મામલામાં મુખ્ય પ્રશ્ન એ છે કે મનપાના સત્તાવાર ઠરાવ વિના કોઇ વ્યક્તિ કે સ્થાનિક વેપારીઓ દ્વારા જાહેર મિલકત પર આ પ્રકારનું નામકરણ કેવી રીતે કરવામાં આવ્યું? મનપાના સત્તાવાર બજેટ દસ્તાવેજોમાં પણ આ પ્રોજેક્ટનો ઉલ્લેખ 'Construction of fish market at Lakkadkot near Nanpura in Central Zone' તરીકે જ કરવામાં આવ્યો છે. રૂ.90 કરોડના ખર્ચે સાકાર થયેલી આ ફિશ માર્કેટનો પ્રોજેક્ટ વર્ષોથી વિલંબમાં હતો. અગાઉ 2018માં કામગીરી શરૂ થયા બાદ નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટીના વાંધાને કારણે 2020માં બાંધકામ અટક્યું હતું. બાદમાં પ્લાનમાં ફેરફાર કરી રિવાઇઝ્ડ એનઓસી મેળવવામાં આવી હતી. માર્કેટમાં કોલ્ડ સ્ટોરેજ સહિતની આધુનિક સુવિધાઓ ઊભી કરવાનો પ્રોજેક્ટ હતો.

### ચા વાળાને વાળ...

કર્મચારીઓ તેની દુકાનેથી લાંબા સમયથી મફતમાં વસ્તુઓ લઈ જતા હતા અને 13 જુલાઈએ તેણે તેનો વિરોધ કરતાં તેને વાળ પકડીને ઢસડી જવામાં આવ્યો હતો તથા પોલીસ સ્ટેશનમાં પણ માર મારવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ અને તબીબી પુરાવા રજૂ કરવા છતાં પોલીસ કમિશનર કચેરીમાં કરેલી રજૂઆતના એક મહિનાથી વધુ સમય બાદ પણ કોઈ ગુનો નોંધાયો ન હોવાનો દાવો કરી મનોજે હવે પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ સામે હાઇકોર્ટમાં અરજી કરી છે. હાઇકોર્ટમાં થયેલી અરજીના આક્ષેપ પ્રમાણે લિંબાયત પોલીસના ડી-સ્ટાફના માણસો છેલ્લા આશરે છ વર્ષથી તેની દુકાનેથી પાણી, નાસ્તા સહિતની ચીજવસ્તુઓ લઈ જતા હતા. તેના કહેવા પ્રમાણે દરરોજ આશરે રૂ.700થી રૂ.800ની ચીજવસ્તુઓ મફતમાં લઈ જવામાં આવતી હતી. અગાઉ પણ તેણે તેનો વિરોધ કર્યો હતો ત્યારે પોલીસ દ્વારા ગાળો આપી તેને ઉઠાવી જવાની અને માર મારવાની ઘટના બની હોવાનો તેણે આક્ષેપ કર્યો છે.

13 જુલાઈએ પોલીસના માણસો રિક્ષામાં તેની ટી-સ્ટોલ પર આવ્યા હતા અને 18 પાણીની બોટલ માગી હતી. આટલી બધી બોટલ કોના માટે માગવામાં આવી રહી છે તે અંગે તેણે સવાલ કરતાં પોલીસ કર્મચારીઓ ત્યાંથી પોલીસ સ્ટેશન જતા રહ્યા હતા. ત્યારબાદ પીએસઆઇ જાડેજા સહિત પાંચ-છ પોલીસ કર્મચારીઓ ત્યાં આવ્યા હતા અને તેને વાળ પકડીને ઢસડીને માર માર્યો હોવાનો આક્ષેપ મનોજે કર્યો છે. અરજીની 21 ઓગસ્ટે હાઇકોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં પોલીસ કમિશનર, ડીસીપી અને પોલીસ ઇન્સ્પેક્ટરને આગામી સુનાવણી દરમિયાન હાજર રહેવા જણાવાયું છે. હવે આ મામલે આગામી સુનાવણીમાં પોલીસ તરફથી શું જવાબ રજૂ કરવામાં આવે છે તેના પર નજર રહેશે.

### લારીવાળો 130 ફૂટ...

ઘટનાને પગલે તેમને પીએસઆઈએ લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ચોકીના સ્ટાફ અને સ્થાનિકોના નિવેદનો લેવામાં આવ્યા હતા. આ ગોળી 130 ફૂટ દૂર ઉભેલા લારી વાળાને વાગી હતીઆ મામલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં PSI પી.એચ. મકવાણા વિરુદ્ધ BNSની કલમ 125(B) હેઠળ બેદરકારી અથવા લાપરવાહીથી વ્યક્તિને ગંભીર ઈજા પહોંચાડવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ કલમ હેઠળ ત્રણ વર્ષ સુધીની જેલ, રૂ. 10,000 સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

### સુરતના પરિવારે...

સ્મશાનભૂમિ ખાતે તપાસ કરતાં શ્વાનને દફનાવવા માટે સ્મશાનભૂમિ પાછળ ખુલ્લી જગ્યા હોવાની માહિતી મળી હતી. જોકે, પરિવાર ઓડીને દફનાવવા માંગતો નહોતો. તેમની ઈચ્છા હતી કે ઓડીને અગ્નિદાહ આપીને અંતિમ વિદાય આપવામાં આવે. આ દરમિયાન તપાસ કરતાં પરિવારને જાણવા મળ્યું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શ્વાનના અંતિમ સંસ્કાર માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યાં અગ્નિદાહ દ્વારા અંતિમવિધિ કરી શકાય છે. આથી પરિવાર ઓડીના મૃતદેહને લઈને અમદાવાદ પહોંચ્યો અને ત્યાં તેની અંતિમવિધિ અગ્નિદાહ દ્વારા કરી હતી.

### ઉધનામાં બંધ...

મદદ લેવામાં આવી છે. સીલબંધ અને નિર્જન બિલ્ડિંગમાં માનવ કંકાલ કેવી રીતે પહોંચ્યો તે મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે. હાલમાં પોલીસે એડીની નોંધ કરીને વધુ તપાસ હાથ ધરી છે. યુવકની હત્યા થઈ છે કે આપઘાત કર્યો છે તે અંગે તપાસ શરૂ કરી છે. સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક મેડિસિન વિભાગના ડો. સંદીપ રલોતીએ જણાવ્યું હતું કે, શબ પરીક્ષણમાં કંકાલ પુરુષનું હોવાનું સામે આવ્યું છે. મૃતકની ઉંમર આશરે 20થી 22 વર્ષ હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. કંકાલના ઉપલબ્ધ ભાગોમાં કોઈપણ પ્રકારની ઈજાના પુરાવા મળ્યા નથી. યુવકનું મૃત્યુ આશરે 4થી 5 અઠવાડિયા પહેલાં થયું હોવાનું જણાયું છે. જોકે મૃત્યુનું ચોક્કસ કારણ હાલ સ્પષ્ટ થયું નથી. જરૂરી તમામ નમૂનાઓ લેવામાં આવ્યા છે અને તેને વધુ તપાસ માટે FSLમાં મોકલવામાં આવ્યા છે. FSL રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું કારણ જાણી શકાશે.